**RCA No.**03/2022

**<u>આંક–૧ નીચે હુકમઃ–</u>**

૧) દી.મુ.નં. ૧૩/૧૯૯૪ ના હુકમથી નારાજ થઇ હાલના વિવાદીએ મૂળ દીવાની અપીલ નં. ૧૦/૨૦૦૮ ની તા. ૨૯/૦૧/૨૦૦૮ ના રોજ અમદાવાદ ગ્રામ્ય ના જિલ્લા ન્યાયાલય ખાતે દાખલ કરેલ. અત્રેની અદાલત ધોળકા ખાતે અસ્તીત્વમાં આવતાં સદર અપીલ ટ્રાન્સફર થઇ આવતાં ઉપરોકત નંબરથી નોંધાયેલ છે.

૨) આજરોજ પોકાર કરતાં વિવાદી કે તેઓના વિ.વ.શ્રી હાજર નથી. રોજકામ જોતાં અગાઉની અનેક મુદતે પણ પક્ષકાર કે તેઓના વિ.વ.શ્રીની ગેરહાજરી નોંધવામાં આવેલ છે. આ તબકકે વિવાદી પક્ષની હીયરીંગ માટે અનુપલબ્ધતાની સ્થીતિમાં અત્રેની અદાલતે સી.પી.કોડ, ૧૯૦૮ ના ઓ. ૪૧ રુલ ૧૭ ને અનુસરતો હુકમ કરવાનો રહે છે, જે જોગવાઇ નીચે મુબજ છે.

**O. 41 R 17 : Dismissal of appeal for appellants' default.—**

(1) Where on the day fixed, or on any other day to which the hearing may be adjourned, the appellant does not appear when the appeal is called on for hearing, the Court may make an order that the appeal be dismissed.

[Explanation.—Nothing in this sub-rule shall be construed as empowering the Court to dismiss the appeal on the merits.]

**૩) સબબ, ઉપરની કાનૂની જોગવાઈ હેઠળ વિવાદી તથા તેઓના વિ.વ.શ્રીની ગેરહાજરીના લીધે સુનાવણીના અભાવે સદર અપીલ કાઢી નાખવાનો હુકમ કરવામાં આવે છે.**

૪) ખર્ચ અંગે કોઇ હુકમ કરવામાં આવતો નથી.

૫) સદર અપીલના કામે અગાઉ કોઈ વચગાળાના હુકમો થયેલ હોય તો તે તમામ હુકમ રદ કરવામાં આવે છે.

૬) સદર કામે અનિર્ણીત રહેલ કોઈ અરજીઓ હોય તો તે તમામ અરજીઓ આ હુકમ સાથે ફેસલ ગણી લેવા હુકમ કરવામાં આવે છે.

૭) આ હુકમની પ્રમાણિત નકલ સાથે વિ.ટ્રાયલ કોર્ટનું રેકર્ડ એન્ડ પ્રોસીડીંગ્સ તાત્કાલીક પરત મોકલી આપવું.

હુકમ આજરોજ તારીખ ૧૩, માહે ઓગષ્ટ, સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.

તા.૧૩–૦૮–૨૦૨૬
સ્થળઃ ધોળકા

**(વસંતકુમાર કાંતિલાલ ભટ્ટ)**
પાંચમા એડિ. ડિસ્ટ્રીકટ જજ
ધોળકા, અમદાવાદ (ગ્રામ્ય).
કોડ નં.જી.જે.૦૧૭૬૪